મહત્તમ : ૩૯.૪ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૩૮ ટકા
ગાંધીનગર તાપમાન

સેંટ ઝેવિયર્સમાં પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

રાજયના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંઘના હસ્તે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના બીજા દિવસે ગાંધીનગરની સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલ ખાતે આંગણવાડી, ધોરણ-૧ અને ધોરણ-૯ ના બાળકોની પ્રવેશવિધી સંપન્ન થઈ હતી. આ પ્રસંગે રાજયના મુખ્ય સચિવ ડૉ. જે.એન.સિંઘ દ્વારા પોતાની આગવી શૈલીમાં ઉપસ્થિત બાળકોને મોટા થઈ કયા ક્ષેત્રે આગળ વધવા માંગો છો..? તેવો પ્રશ્ન કર્યો હતો. તે પ્રશ્નના જવાબમાં મોટા ભાગના વિધાર્થીઓએ આઈ. એ. એસ, આઈ. પી. એસ, ડૉકટર, એન્જીનિયર અને શૈક્ષણિક ક્ષેત્રે આગળ વધવવા માંગતા હોવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમજ પોલીસકર્મી કોણ બનવા માંગે છે? તેના જવાબમાં કોઈ વિદ્યાર્થીએ આંગળી ઉંચી કરી ન હતી. તેમજ રાજકરણમાં કારર્કિદી બનાવવા માટે પણ અમુક વિદ્યાર્થીઓએ ઈચ્છા વ્યકત કરી હતી. મુખ્ય સચિવશ્રીએ પોતે પણ પટનાની સેંટ ઝેવિયર્સ શાળાના વિદ્યાર્થી હોવાનો ગૌરવ વ્યકત કરીને તમામ વિધાર્થીઓને તેમના પસંદગીના ક્ષેત્રોમાં આગળ વધવા માટેની શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

મુખ્ય સચિવ ડૉ. જે.એન.સિંઘે વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસ દરમ્યાન સોશિયલ મીડિયા, ઈન્ટરનેટ અને મોબાઈલ સાથે ઓછામાં ઓછો સમય વીતાવવા માટે પણ ભારપૂર્વક જણાવ્યું હતું. તે ઉપરાંત શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં જે રીતે કાર્યક્રમનું સંચાલન અને વક્તવ્ય આપવામાં આવ્યું હતું. બાળકોની ત્રણેય ભાષા પરનું પ્રભુત્વ જોઈને મુખ્ય સચિવે આનંદ વ્યક્ત કર્યો હતો. તેમજ મુખ્ય તેમણે પણ ત્રણ ભાષાનો ઉપયોગ કરીને પોતાનું પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.

મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંઘ અને મહાનુભાવોના હસ્તે સેકટર-૬ની આંગણવાડીના ૫ ભુલકાઓ, સેકટર-૮ની પ્રાથમિક શાળાના ૨૦ વિદ્યાર્થીઓ અને સેંટ ઝેવિયર્સ શાળામાં ધોરણ-૯ના ૨૨૯ વિદ્યાર્થીઓની પ્રવેશવિધી સંપન્ન કરવામાં આવી હતી. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે ધોરણ-૩ થી ૮ ના વર્ગખંડમાં પ્રથમ નંબર મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ સેંટ ઝેવિયર્સ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અને પાણી બચાવો વિષય પર પોતાનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. મુખ્ય સચિવશ્રીના હસ્તે શાળાના સંકુલમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. ગાંધીનગર મહાનગર પાલિકાના કોર્પોરેટર નાઝાભાઈ, જિલ્લા કલેકટર એસ. કે. લાંગા, જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયા, જિલ્લા શિક્ષણાધિકારી એસ. એમ. બારડ, ગાંધીનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી કમિશનર જે. બી. બારીયા, શાળાના આચાર્ય ફાધર દૂરાઈ ઉપસ્થિત રહ્યા હતા.

@ગાંધીનગર

● માનવ વિકાસ ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટીની વાર્ષિક સાધારણ સભા સવારે ૯.૩૦ કલાકે પ્લોટ નં. ૧૭૫૭/૨, સેકટર-૨-ડી ખાતે યોજાશે.

● ત્રિદલ સંસ્થાની માસિક બેઠક સાંજે ૫.૩૦ કલાકે પ્લોટ નં. ૭૯૦/૧, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સેકટર-૨૧ ખાતે યોજાશે.

● જીવ કલ્યાણ સંસ્થાની માસિક બેઠક સેકટર-૨૨ સ્થિત પંચદેવ મંદિરના યજ્ઞખંડમાં સાંજે ૫.૩૦ કલાકે મળશે.

વાતવાતમાં

● આજે પ્રવેશોત્સવમાં ભાગ લેવા આવેલા રાજયના મુખ્ય સચિવ શ્રી ડૉ. જે.એન. સિંહે પટના ઝેવિયર્સમાં ભણતા હતા તે પ્રસંગને વાગોળી કાર્મેલ સ્કુલમાં તેમના સંતાનોને મુકવા જતા હતા તે પ્રસંગોને વાગોળી સૌના મન મોહી લીધા હતા.

● આજે સૂર્ય શકિત કિસાન યોજનાની સરકાર દ્વારા ઘોષણા કરાઈ ત્યારે કૃષિ મંત્રી ફળદુની ગેરહાજરી ચર્ચાનો મુદ્દો બની હતી.

● ગાંધીનગર જિલ્લામાં સૂર્ય કિસાન યોજના અંતર્ગત બે ફિડર ઉભા કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જે પાયલોટ પ્રોજેકટના ૧૩૨ ફિડર પૈકીના છે.

● ગાંધીનગર શહેરના જુના સેકટરોમાં આતંરે દિવસે પાણીનો ફોર્સ ઓછો થતાં આ નગરજનો ત્રાહિમામ પોકારી ગયા છે.

● ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા આગામી સપ્તાહમાં નિમણુંક પામેલા જનમિત્રોનો તાલિમ વર્ગ યોજાવાનો છે. સ્થળ અને તારીખની પસંદગી અંગે પરામર્શ ચાલી રહ્યો હોવાનું જાણવા મળેલ છે.

સિવિલમાં જુન માસના અંત સુધીમાં સીટીસ્કેન મશીન આવે તેવી શક્યતા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ છેલ્લા ત્રણ વર્ષથી વધુના સમયથી સીટી સ્કેન મશીન બંધ હાલતમાં છે. સીટી સ્કેન મશીન બંધ હોવાથી દર્દીઓને ભારે પરેશાનીનો સામનો કરવો પડ્યો છે. ઈજાગ્રસ્ત દર્દીઓ માટે સીટી સ્કેન અત્યંત જરૂરી હોય છે, પરંતુ મશીન ન હોવાથી તાત્કાલીક વિભાગમાંથી પ્રાથમિક સારવાર આપ્યા બાદ દર્દીઓને રીફર કરવામાં આવતા હતા. ત્યારે દર્દીઓએ લાંબા સમય સુધી રાહ જોયા બાદ જુન માસના અંત કે જુલાઈના પ્રથમ સપ્તાહમાં સીટીસ્કેન મશીન સિવિલમાં આવી જશે.

પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા સિવિલમાં દર્દીઓનો ભારે ધસારો રહે છે. તાવથી માંડીને ડાયાલીસીસ સુધીના દર્દીઓ ગાંધીનગર આવે છે. ગાંધીનગર સિવિલમાં પાંચ માળની ઓપીડી અને આઠમાળની નવી ઈમારત બનાવાઈ છે. તે પણ દર્દીઓથી ઉભરાય રહી છે. ત્યારે છેલ્લા ત્રણ વર્ષથી વધુના સમયથી બંધ રહેલા સીટી સ્કેન મશીનને લઈ તંત્ર પણ ચિંતિત હતું. સીટી સ્કેનને પગલે દર્દીઓને અમદાવાદ રીફર કરવામાં આવે છે. સીટી સ્કેન બંધ હોવાથી દર્દીઓને ખાનગીમાં હજજારો રૂપીયા ખર્ચ કરીને સીટીસ્કેન પડાવવો પડે છે. સીટીસ્કેનને પગલે દર્દીઓને ભારે હેરાનગતિ વેઠવાનો વારો આવતો હતો. ત્યારે દર્દીઓ અને તંત્ર દ્વારા સીટીસ્કેન મશીન અંગે વારંવાર ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવી હતી. ત્યારે આખરે ગાંધીનગર સિવિલમાં સીટીસ્કેન આ માસના અંત સુધીમાં કે જુલાઈના પ્રથમ સપ્તાહમાં આવશે. જેને પગલે સિવિલના રેડીયોલોજી વિભાગમાં તડામાર તૈયારી ઓ થઈ ગઈ છે. મશીન મુકવાની જગ્યાને પણ તોડફોડ કરીને અનુકુળ બનાવી દેવાઈ છે. ત્યારે દર્દીઓને એકસ-રે, સીટીસ્કેન અને સોનોગ્રાફી એક જ સ્થળે કરવામાં આવતા સરળતા રહેશે. જયારે સીટી સ્કેનનો સરકારી ચાર્જ હશે તે દર્દીઓને ભરવાનો રહેશે. પરંતુ લાબા સમય બાદ મશીન આવતા દર્દીઓ માટે આશિર્વાદરુપ સાબિત થશે.

આજે સત્યાગ્રહ છાવણી ખાતે શિક્ષકોની રામધુન

પડતર પ્રશ્નોના ઉકેલ માટે હજ્જારો શિક્ષકો સત્યાગ્રહ છાવણી એકઠા થશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરના સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે તા. ૨૪ જુનના રોજ સવારે ૧૧ થી ૧ કલાક દરમિયાન શિક્ષકો રામધુન કરશે. આ કાર્યક્રમમાં રાજયભરમાંથી હજજારો શિક્ષકો ઉપસ્થિત રહેશે. પગાર વધારો, શિક્ષણ સહાયકની નોકરી સળંગ ગણવી, સાતમા પગારપંચના તફાવતના હપ્તા ઝડપી જાહેર કરવા સહિતના પ્રશ્નો પડતર છે. ત્યારે શિક્ષકોના પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો ઉગ્ર આંદોલનના મંડાણ થવાના પણ એંધાણ છે.

ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ જણાવે છે કે ગ્રાન્ટેડ શાળાના માધ્યમિક સહાયકને રૂ. ૨૫૦૦૦ ના બદલે રૂ. ૩૧૩૪૦ ઉચ્ચતર માધ્યમિક સહાયકને રૂ. ૨૬૦૦૦ ના બદલે ૩૮૦૯૦ નો વધારો લેવા અંગે, માધ્યમિક શિક્ષણ સહાયકને રૂ.૬૦૦૦ ઉચ્ચતર માધ્યયિક શિક્ષણ સહાયકને રૂ. ૧૨૦૦૦ વેતન વધારો સરકારી શિક્ષણ સહાયકો કરતા ઓછો આપ્યો છે. શિક્ષણ સહાયકની નોકરી તા. ૨-૭-૯૯ થી સળંગ ગણવા અંગે, ૩૧ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવું. જેથી ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષકોને ઓછો પગાર આપીને રીતસરનો ભેદભાવ કરવામાં આવે છે. ઉપરાંત સાતમાં પગારપંચનો લાભ પણ રાજય સરકારના કર્મચારીઓ કરતા શિક્ષકોને ૧૨ મહિનાના વિલંબ બાદ જાહેર કરાયો છે.શિક્ષકોને એરીયર્સ પાંચ હપ્તામાં આપવાની જાહેરાત છતા ૧૦ મહિના થઈ ગયા બાદ પણ એક પણ હપ્તો મળ્યો નથી. શિક્ષકો છેલ્લા ઘણા સમયથી પડતર પ્રશ્નોને લઈ લડત ચલાવી રહ્યા છે. ત્યારે શિક્ષકોની વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો સરકારમાં કરવા છતા હજુ સુધી યોગ્ય નિવેડો ના આવતા શિક્ષકોમાં રોષની લાગણી ભભુકી ઉઠી છે. ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે રાજયભરમાંથી હજજારો શિક્ષકો ઉમટી પડશે અને રામધુન કરશે.

સર્વ શિક્ષા અભિયાન અને જીસીઈઆરટી, ગાંધીનગરને પ્રાપ્ત થયેલ SKOCH ગોલ્ડ અને સિલ્વર એવોર્ડ

ગાંધીનગર, તા.૨૩

રાજય સરકાર દ્વારા સર્વ શિક્ષા અભિયાનના માધ્યમથી પ્રાથમિક શાળાઓમાં 'જ્ઞાનકુંજ' પ્રોજેકટ અમલમાં મુકવામાં આવેલો છે. જેમાં ટેકનોલોજીના માધ્યમ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. આ પ્રોજેકટ રાજય સરકાર અને સર્વ સિક્ષા અભિયાન દ્વારા ચાલતો અતિ મહત્વાકાંક્ષી કાર્યક્રમ છે. આ પ્રોજેકટ અન્વયે સરકાર દ્વારા પ્રોજેકટ અન્વયેની પ્રાથમિક શાળાઓમાં ઈન્ટરેકટીવ બોર્ડ, લેપટોપ, પ્રોજેકટર અને આઈ.આર. કેમેરા જેવી અદ્યતન ટેકનોલોજી ધરાવતી સાધન સામગ્રી સ્માર્ટ કલાસ માટે આપવામાં આવી છે. આ પ્રોજેકેટ દ્વારા શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ કરી તેના માધ્યમથી શિક્ષણને રસપ્રદ બનાવી શકાય છે. આ પ્રોજેકટ સર્વ શિક્ષા અભિયાન દ્વારા ન્યુ દિલ્હી મુકામે રજુ કરવામાં આવેલ હતો. જેને તા. ૨૧-૬-૨૦૧૮ના રોજ 'સ્કોચ ગોલ્ડ એવોર્ડ' પ્રાપ્ત થયેલ છે. સમગ્ર ટીમને રાજય સરકાર અને શિક્ષણ વિભાગ અભિનંદન આપે છે.

ગુજરાત સરકાર દ્વારા બાયસેગના માધ્યમથી 'વંદે ગુજરાત' ચેનલ કાર્યરત છે. જેમાં ૧૬ વિવિધ ચેનલો પર વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો પ્રસારિત કરવામાં આવેછે. જેપૈકી ૪ ચેનલના શૈક્ષણિક કાર્યક્રમના પ્રસારણની જવાબદારી જીસીઈઆરટી હસ્તક છે. જેમાં ચેનલ નંબર ૫ ધોરણ ૫ માટે, ચેનલ નંબર ૬ ધોરણ ૬ માટે , ચેનલ નંબર ૭ ધોરણ ૭ માટે અને ચેનલ નંબર ૮ પર ધોરણ ૮ માટેના કાર્યક્રમ પ્રસારિત કરવામાં આવેછે. આ અન્વયે જીસીઈઆરટી દ્વારા રજૂ કરવામાં આવેલ વિડીયો ઓડિયો નેટવર્ક ફોર એજયુકેશનલ ડેવલપમેન્ટ પ્રોજેકટ (વંદે ગુજરાત)ને તા. ૨૧-૬-૨૦૧૮ના રોજ સ્કોચ સંસ્થા તરફથી 'સ્કોચ ચિલ્વર એવોર્ડ ઓફ મેરિટ' પ્રાપ્ત થયેલ છે જે સમગ્ર રાજય માટે ગૌરવની બાબત છે.

૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કરવામાં આવેલ છે તેના ભાગ રૂપે એનસીઈઆરટી દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી નેશનલ યોગ ઓલમ્પિયાડનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે પણ તા. ૧૮ થી ૨૦ જૂન ૨૦૧૮ દરમિયાન એનસીઈઆરટી ન્યુ દિલ્હી ખાતે નેશનલ યોગ ઓલમ્પિયાડનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં દેશના વિવિધ રાજયોમાંથી ૩૫ ટીમે ભાગ લીધો હતો જેમાં જીસીઈઆરટી દ્વારા સમગ્ર ગુજરાતમાંથી ૧૬ વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા. પ્રાથમિક વિભાગમાંથી ચાર કુમાર અને ચાર કન્યા તેમજ માધ્યમિક વિભાગમાંથી ચાર કુમાર અને ચાર કન્યા મળીને કુલ ૧૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ તમામને લકુલેશ યોગ યુનિવર્સિટી દ્વારા પ્રશિક્ષણ પણ આપવામાં આવે છે તેમજ આ ૧૬ વિદ્યાર્થીઓને જીસીઈઆરટી દ્વારા ખાસ તાલીમબદ્ધ કરવામાં આવ્યા હતા. તે પૈકી પ્રાથમિક વિભાગમાંથી ચાર કુમારોને ગોલ્ડ અને ચાર કન્યાઓને સિલ્વર મેડલ એમ મળી ગુજરાત રાજયને કુલ ૮ મેડલ પ્રાપ્ત થયેલ છે જે સમગ્ર ગુજરાત માટે ગૌરવની બાબત છે. આ માટે સમગ્ર ટીમને શિક્ષણ વિભાગ અને રાજય સરકાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

ડુંગરી ગરાસીયા સેવા સમાજની તાલીમ બેચનો ૧૭ જુલાઈથી પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૩

શ્રી ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટ, ગુજરાત રાજય ગાંધીનગર દ્વારા સમાજના યુવાનો માટે ડી.વાય.એસ.ઓ. અને ગુજરાત વહીવટી અને મુલ્કી સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ માટે જીપીએસસીના કેલેન્ડર પ્રમાણે આગામી તા.૧૬-૭-૧૮ના રોજથી તાલિમી સંસ્થાના સહયોગથી શરુ થનાર ખાસ બેચ માટે આદિવાસી સમાજના ઈચ્છુક ઉમેદવારોને તા. ૮-૭-૧૮ સુધીમાં મળી જાય તે રીતે નામ, સરનામું, (કાયમી તથા હાલનું) જન્મ તારીખ, મોબાઈલ નંબર, શૈક્ષણિક લાયકાતની વિગતો સાથેનું પાસપોર્ટ સાઈઝનો ફોટો લગાડેલ અરજી પોર્મ જાતિ પ્રમાણપત્રના બિડાણ સાથે પ્રમુખશ્રી ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટ પ્લોટ નં-૨૫૫-૨ સેકટર-૨બી ગાંધીનગર ખાતે રૂબરૂ અથવા ટપાલથી મોકલી આપવા જણાવવામાં આવે છે.

તાલીમમાં પ્રવેશ માટે તા. ૧૫ જુલાઈના રોજ સવારે ૧૦ કલાકે અનામિકા એકેડમી પ્રેરણા એપોર્ટમેન્ટના બેઝમેન્ટ સે-૬ બી નાના ગ-૨ પાસે, ગાંધીનગર ખાતે એન્ટ્રેન્સ પરિક્ષા માટે હાજર રહેવાનું રહેશે. આ પરિક્ષામાં યોગ્ય ગુણ મેળવેલા ઉમેદવારોને જ પ્રવેશ આપવામાં આવશે તેમ ડુંગરી ગરાસીયા સેવા સમાજના પ્રમુખ બી.વી.મોડીયાએ જણાવ્યું છે.

જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશન દ્વારા રકતદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

સેવાકીય પ્રવૃત્તિમાં અગ્રેસર જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશન સંસ્થાના આદ્યસ્થાપક પદ્મશ્રી નાના ચુડાસમાના જન્મદિનની ઉજવણી સ્વરૂપે કોમર્સ હાઉસની કોર્પોરેટ બિલ્ડીંગ, બોડકદેવ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રકતદાન કેમ્પમાં કુલ ૧૦૧ યુનિટ રકત એકત્રિત કરવામાં આવ્યું હતું.

અમદાવાદની ટ્રોઈકા ફાર્માસ્યુટીકલ કંપનીના કર્મચારીઓ, જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન તથા કેન્સર હોસ્પિટલ અમદાવાદના કર્મચારીઓના સંયુકત સહકારથી ટ્રોઈકા ફાર્માસ્યુટીકલ કંપનીના ઓફિસ બિલ્ડીંગ હોલ ખાતે રકતદાન કેમ્પમાં ૧૦૨ યુનિટ રકત એકઠું કરવામાં આવ્યું હતું.

રકતદાન કેમ્પને કેન્સર હોસ્પિટલના ડૉ. રીમા કુસુમગર તથા તેમની ટીમ દ્વારા સફળ બનાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત, જાયન્ટસ ગ્રુપના યુનિટ ડાયરેકટર બી.એમ. પટેલ, જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈનના પ્રેસિડેન્ટ વસંત પટેલ, પાસ્ટ પ્રેસિડેન્ટ સાંઠા પટેલ, વાઈસ પ્રેસિડેન્ટ માધુભાઈ પટેલ, જીતેન્દ્ર પટેલ તથા તેમની ટીમ દ્વારા રકતદાતાઓને પ્રોત્સાહિત કરવા માટે ભેટ આપવામાં આવી હતી તેવું જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશન ફેડરેશન ૩ સીના યુનિટ ડાયરેકટર બી.એમ. પટેલ દ્વારા જણાવાયું હતું.

ગાંધીનગર જિલ્લામાંથી પાંચ દિવસ માટે ૨૭૦ પોલીસ મહેસાણા મોકલવામાં આવી

ગાંધીનગર, તા.૨૩

મહેસાણા જિલ્લામાં આવતીકાલથી યોજાનાર પાટીદારોને શહિદ યાત્રામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે મહેસાણા ની આસપાસના જિલ્લાઓમાંથી પૂરતો પોલીસ ફોર્સ બંદોબસ્ત માટે તૈનાત કરી દેવામાં આવ્યો છે. ગાંધીનગર રેન્જ ના તમામ જીલ્લામાંથી પોલીસને બંદોબસ્ત માટે મહેસાણા મોકલવામાં આવી છે પાંચ દિવસના બંદોબસ્તમાં ગાંધીનગર જિલ્લામાંથી પણ ૨૦ પીએસઆઈ સહિત ૨૭૦ પોલીસ મહેસાણા જિલ્લામાં મૂકવામાં આવનાર છે.

પોલીસ દમનમાં મૃત્યુ પામેલા પાટીદાર યુવાનો સમાજને અનામત અપાવવા શહીદ થઈ ગયા હતા. પાટીદાર અનામત આંદોલન સમિતિના હાર્દિક પટેલે શહીદોને ન્યાય અપાવવા માટે સરકાર સામે લાંબી લડત ચલાવી છે. દરમિયાન આવતીકાલથી મહેસાણા જિલ્લામાં પાટીદારની શહિદ યાત્રા નીકાળવાનો કાર્યક્રમ છે. પાંચ દિવસના કાર્યક્રમમાં હજારો પાટીદારો શહિદ યાત્રામાં જોડાશે. આ પાંચ દિવસે પાટીદારોના કાર્યક્રમ શાંતિ અને સલામતીપૂર્વક પૂર્ણ થાય અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે હેતુથી મહેસાણા જિલ્લામાં ગાંધીનગર રેન્જનો લોખંડી પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો છે. ગાંધીનગર રેન્જના તમામ જિલ્લાના પોલીસ સ્ટેશનમાંથી વધતી ઓછી સંખ્યામાં જરૂર મુજબની પોલીસ મહેસાણા જિલ્લામાં બંદોબસ્ત માટે મોકલવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ મોટી સંખ્યામાં પોલીસ કાફલો બંદોબસ્ત માટે મહેસાણા મોકલવામાં આવનાર છે. મળતી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લામાંથી એક ડીવાયએસપી, બે પી.આઈ, ૨૦ પી.એસ.આઈ, ૫૦ મહિલા સહિત ૨૫૦ પોલીસ મળીને ૨૭૦ પોલીસ અધિકારી-કર્મચારીઓને પાંચ દિવસ માટે મહેસાણા જિલ્લામાં બંદોબસ્ત માટે મોકલી દેવામાં આવ્યા છે.

આજે 'સમર ફન ડે'માં બાળકો આનંદનો ખજાનો લૂંટશે

આપણું ફાઉન્ડેશન દ્વારા સમર ફન ડે અંતર્ગત શહેરની ૩૨ સરકારી શાળાના બાળકો માટે રસ્સાખેંચ અને સંગીત ખુરશીનું આયોજન : વિજેતા બાળકોને સાયકલ અને સ્કુલબેગ જેવા ઈનામોથી સન્માનવામાં આવશે

ગાંધીનગર, તા.૨૩

ઉનાળુ વેકેશનમાં દરેક બાળકો સમર કેમ્પની મજા માણતા હોય છે પરંતુ સરકારી પ્રાથમિક શાળામાં ભણતા શહેરના શ્રમજીવી પરિવારોના બાળકોને કોઈ સમર કેમ્પનો લાભ મળતો નથી. ગાંધીનગરની યુવાનોની સંસ્થા આપણું ફાઉન્ડેશન દ્વારા આ બાળકો માટે આગામી તા. ૨૪મી જૂન રવિવારના રોજ સ્વર્ણિમ પાર્ક ખાતે સાંજે ૫ થી ૭ કલાક દરમ્યાન "સમર ફન ડે"નું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની હદમાં આવેલી ૩૨ સરકારી શાળામાં અભ્યાસ કરતાં જરૂરિયાતમંદ વર્ગના બાળકો આપણું ફાઉન્ડેશન દ્વારા આયોજિત "સમર ફન ડે" કાર્યક્રમમાં ટગ ઓફ વૉર એટલે કે રસ્સાખેંચ અને મ્યુઝિકલ ચેર એટલે કે સંગીત ખુરશીનો આનંદ માણશે. આ સ્પર્ધામાં વિજેતા બાળકોને સાયકલ, સ્કૂલબેગ, વૉટર બૉટલ જેવા ઈનામો આપીને સન્માનિત કરવામાં આવશે. આપણું ફાઉન્ડેશન આયોજિત "સમર ફન ડે" કાર્યક્રમમાં દરેક શાળામાંથી ધોરણ ૫ થી ૮ માં અભ્યાસ કરતાં તેમજ શાળામાં સૌથી વધુ હાજરી ધરાવતાં અને અભ્યાસમાં અગ્રેસર હોય તેવા બાળકોની પસંદગી કરવામાં આવશે. આ સ્પર્ધા બે કેટેગરીમાં એટલે કે છોકરાઓ અને છોકરીઓ એમ બે વિભાગમાં યોજાશે અને બંને વિભાગ મુજબ વિજેતાઓને ઈનામ આપવામાં આવશે. બંને વિભાગમાં રસ્સાખેંચ ગેમ અને સંગીત ખુરશી રમાડાશે. જેમાં રસ્સાખેંચની બંને વિભાગમાં ૩ ગેમ રમાડવામાં આવશે. સંગીત ખુરશીની રમત વ્યકતિગત હોવાથી તેના વિજેતા ખેલાડીઓને સાયકલ અને ૪ રનર્સ અપ ખેલાડીઓને સ્કૂલબેગ તેમજ બાકીના ભાગ લેનાર તમામ ખેલાડીઓને વૉટર બૉટલનું ઈનામ આપવામાં આવશે. રસ્સાખેંચની રમત ટીમ ઈવેન્ટ હોવાથી તેમાં વિજેતા ટીમના શ્રેષ્ઠ ખેલાડીને સાયકલ તથા બાકીના ૧૫ ખેલાડીઓને સ્કૂલબેગ તેમજ ભાગ લેનાર અન્ય ટીમનાં તમામ ખેલાડીઓને વૉટર બૉટલનું ઈનામ આપવામાં આવશે.

"સમર ફન ડે" બાળકોને શાળા એ જતાં કરશે

"સમર ફન ડે" કાર્યક્રમનો હેતુ સરકારી શાળામાં ભણતા બાળકોને પણ સમરકેમ્પ જેવી પ્રવૃત્તિનો આનંદ મળી શકે તે માટેનો છે. સમર ફન ડે થકી બાળકો શાળાએ જતાં થાય અને શિક્ષણનું મહત્વ સમજે તે હેતુથી જે બાળકની શાળામાં સૌથી વધુ હાજરી હોય અને અભ્યાસમાં અગ્રેસર હોય તેની સ્પર્ધામાં પસંદગી કરવામાં આવશે.

નવા ગણવેશ સાથે સરગાસણ પ્રા. શાળાના બાળકોના યોગ

વિશ્વ યોગ દિવસની ઉજવણી તો દરેક શાળામાં કરવામાં આવી પરંતુ સરગાસણ પ્રાથમિક શાળામાં આ દિવસ બાળકો માટે અનેરા આનંદનો દિવસ હતો કેમ કે યોગ દિવસની ઉજવણી સાથે તેમને ખાનગી શાળાના યુનિફોર્મને ટકકર મારે તેવો તદ્દન નવો ગણવેશ પ્રાપ્ત થયો હતો. નવા નકકોર ગણવેશમાં સોહી ઉઠેલા સોહામણાં બાળકોએ સૂર્યના સોનેરી કિરણો સાથે કરેલા યોગ પ્રાણાયામથી સમગ્ર શાળા સંકુલનું વાતાવરણ પણ સોહામણું બની ગયું હતું.

ચિરવિદાય

- સ્વ. દંતાણી કાનજીભાઈ ગરીબભાઈ, ઉ.વ. ૭૦
- સ્વ. પ્રજાપતિ સવિતાબેન ઈશ્વરભાઈ, ઉ.વ. ૮૭